❖ **તારણો :** રસપ્રદ પ્રવૃતિઓના કારણે વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યેનો રસ વધશે. વર્ગમાં વિદ્યાર્થીઓ શિસ્ત બધ્ધ થયા. અવાજ અને અશિસ્તમાં ઘટાડો જોવા મળ્યો. જૂથ પ્રવૃતિઓ દ્વારા ધીમા વિદ્યાર્થીઓ પણ સારી રીતે શીખવા લાગ્યા. શિક્ષકનો આત્મ વિશ્વાસ વધ્યો અને વર્ગખંડનું વાતાવરણ સકારાત્મક બન્યું.વિદ્યાર્થીઓ વર્ગખંડમાં વધુ રસપૂર્વક ભાગ લેવા લાગ્યા.

❖ **અવલોકનો :** આ સંશોધનથી જાણવા મળે છે કે શિક્ષકને વર્ગખંડમાં અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે પણ એ મુશ્કેલીઓ માત્ર શૈક્ષણિક પધ્ધતિ બદલવાથી હળવી થઇ શકે છે. રસપ્રદ શિક્ષણ, શિસ્તપૂર્ણ વાતાવરણ, સાધનોનો યોગ્ય ઉપયોગ, સર્જનાત્મક શૈક્ષણિક પધ્ધતિઓ અને યોગ્ય આયોજન, સહયોગી અભિગમ વિદ્યાર્થીઓની જરૂરિયાતને અનુરૂપ અભિગમ અપનાવવાથી શિક્ષણ વધુ અસરકારક બની શકે છે અને આ મુશ્કેલીઓને દૂર કરી શકાય છે.

❖ **ભાવિ સંશોધન માટે સૂચનો :** શિક્ષકો માટે વર્ગવ્યવસ્થાપન પર તાલીમ કાર્યક્રમ યોજવા જોઇએ, શૈક્ષણિક સાધનો અને નવી ટેકનોલોજીનો ઉપયોગ શિક્ષકોએ વધારવો જોઇએ, વિદ્યાર્થીઓની ભિન્નતાને ધ્યાને રાખી નવી શિક્ષણ પધ્ધતિઓ અપનાવી જોઇએ, શાળાએ વહીવટી ભાર ઓછો કરીને શિક્ષકને શિક્ષણ માટે વધુ સમય આપવો જોઇએ, નવા અને અનુભવી શિક્ષકોના અનુભવ વહેંચણી વર્કશોપ યોજવા જોઇએ, વર્ગખંડમાં જતાં પહેલાં શિક્ષકે વિદ્યાર્થીને રસ પડે તેવા એકમની તૈયારી કરવી જોઇએ.



# વિષય : અભ્યાસમાં નબળા બાળકો (વિદ્યાર્થીઓ) નોટબુકમાં લખવામાં આળસ કરે છે.

**કિરણભાઈ આર પટેલ**
(મ.શિ. મા.વિભાગ)

**પ્રસ્તાવના :** શિક્ષણના પ્રાથમિક તબક્કામાં વિદ્યાર્થી અભ્યાસ પ્રત્યે આકર્ષાય અને નિયમિતતા સાથે કાર્ય કરે તે ખુબ જ આવશ્યક છે. છતાં પણ કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા રહે છે અને ખાસ કરીને નોટબુક લેખનમાં આળસ દર્શાવે છે. નોટબુક લેખન માત્ર શૈક્ષણિક ક્રિયા નથી, પરંતુ તે વિદ્યાર્થીમાં શિસ્ત, યાદશક્તિ, સમજણ અને પુનરાવર્તનની ક્ષમતાને મજબૂત બનાવે છે. જયારે વિદ્યાર્થી નોટ લખવામાં આળસ કરે છે ત્યારે તેનો સીધો પ્રભાવ તેમના અભ્યાસના ગુણાંક પર પડે છે. પરિણામે તેઓ અભ્યાસમાં પાછળ રહી જાય છે અને તેમની પ્રગતિમાં અવરોધ ઉભા થાય છે.આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ એ છે કે અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ નોટબુકમાં કેમ આળસ કરે છે તે જાણવા અને ઉકેલ શોધવા.

❖ **વિષયના શબ્દોનું અર્થઘટન :**

**અભ્યાસમાં** : વિદ્યાર્થી દ્વારા જ્ઞાન, કુશળતા અને મુલ્યો પ્રાપ્ત કરવાની સતત પ્રક્રિયા ને અભ્યાસ કહેવામાં આવે છે.

**નબળા વિદ્યાર્થી** : એવા વિદ્યાર્થી જેઓ અભ્યાસમાં અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં ઓછું પ્રદર્શન કરે છે.

**આળસ** : કાર્ય કરવા માટે ઉત્સાહ ન હોવો. જેના કારણે બાળક સમયસર કામ પૂર્ણ નથી કરતુ.

❖ **વિષયની પસંદગી :** સૌ પ્રથમ ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓમાં જોવા મળતી સમસ્યા તરીકે અભ્યાસમાં નબળા બાળકો નોટબુક લખવામાં આળસ કરે છે તે વિષયને પસંદ કરવામાં આવ્યો.

❖ **સંશોધન માટે નમૂનાની પસંદગી:** સંશોધન માટે ધોરણ ૯ અને ૧૦ ના એવા વિદ્યાર્થીઓ ને પસંદ કરવામાં આવ્યા જેમને અભ્યાસમાં મુશ્કેલી પડે છે અને નોટબુક લખવામાં આળસ આવે છે જેમાં નબળા વિદ્યાર્થીઓના નામની યાદી, નબળા વિદ્યાર્થીઓનું લેખન કાર્ય, નબળા વિદ્યાર્થીઓની નોટબુક.

❖ **સંશોધન માટે કઈ કઈ પધ્ધતિઓનો ઉપયોગ કર્યો. :**

**પ્રશ્નોત્તર પધ્ધતિ** : વિદ્યાર્થીઓને સરળ પ્રશ્નો પૂછીને તેમની માનસિકતા અને સમસ્યા સમજવાનો પ્રયાસ કર્યો

**અવલોકન પધ્ધતિ** : વર્ગખંડમાં તેમના વર્તન અને લેખન પ્રવૃતિનું સીધું અવલોકન કર્યું.

❖ **સંશોધન પ્રક્રિયા કેવી રીતે કરવી ? :** નબળા વિદ્યાર્થીઓની યાદી બનાવી તેમની નોટની ચકાસણી કરી, માર્ગદર્શન આપ્યું તથા વિવિધ પ્રશ્નો, દાખલા, આકૃતિ, સમીકરણના ટેસ્ટ લઈને લખવાની પ્રેક્ટીસ કરાવી.

**કસોટી દ્વારા ચકાસણી:** સમયાંતરે લેવાતી કસોટી વિદ્યાર્થીઓના જ્ઞાન અને અભ્યાસની પ્રગતિ માપવા માટે મહત્વપૂર્ણ છે., કસોટી લીધા બાદ પરિણામના આધારે વધુ અભ્યાસ માટે માર્ગદર્શન આપી શકાય છે. અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને નોટબુકમાં લખવાની આદત વિકસાવવી જોઈએ, માહિતીનું એકત્રીકરણ, દર અઠવાડિયે નોટબુક ચકાસણી કરીને અધૂરાકામ પર વિવિધ ટીપ્પણી લખીને, લખાણમાં સ્વચ્છતા, સમયસર પૂર્ણ કરાવવું, સમજ સાથે લખાણ કરવું, વિદ્યાર્થીઓ એકબીજાની નોટ ચકાસે, દરરોજ થોડા વિદ્યાર્થીઓની નોટબુક ચકાસવી. વર્ષના અંતે લખાણમાં પ્રગતિની જાણકારી મેળવી શકાય.

❖ **માહિતીનું પૃથકકરણ :**

**૧. માનસિક કારણો વાળા વિદ્યાર્થી :**